# ગાંધીનગર મનપા દ્વારા દબાણો હટાવવાની ઝુંબેશ

## ઘ-૫, સે.૨૩, ઈન્દ્રોડા, સે.૧૭, સે.૨૧ના દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૨ ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શહેરમાં કેટલાક દબાણો હટાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં કોર્પોરેશન દ્વારા આજે અલગ અલગ વિસ્તારમાં મુખ્ય માર્ગોની સાથે સેક્ટરોના આંતરિક માર્ગો પર લારી ગલ્લાં સહિત છાપરાના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે ઘ-૫થી ૨ લારીઓ જપ્ત કરવામાં આવી હતી, સેક્ટર-૨૩માંથી રોડ સાઈડના છાપરા દૂર કરાયા હતા તેમજ ઈન્દ્રોડા ગામે રોડ સાઈડના ૩ ગલ્લા ટ્રાફિકને અડચણરૂપ થતાં હોવાથી તેને દૂર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સેક્ટર-૧૭ એક્ઝીબિશન ડોમ ખાતેના લારી-ગલ્લાંના દબાણ, સે. ૨૧માં એન્ટ્રી પર આવતા ફૂટપાથ પરના દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આખરે ગાંધીનગર મનપા તંત્ર જાગ્યુ ખરા. શહેરમાં ઠેક-ઠેકાણે દબાણોની સંખ્યા વધી રહી હતી. લોકો મન ફાવે તેમ દુકાનો અને લારીઓમાં અડીંગા કરી મુકતા વાહનચાલકોમાં પણ હાલાકી પડી રહી હતી. આ ઉપરાંત ટ્રાફિક સમસ્યાઓ પણ જોવા મળતી હતી. માર્ગોની આસપાસ છાપરાઓએ અડીંગા કરી દેતા ગંદકીની દહેશત પણ વકરી હતી. ચોમાસાના દિવસોમાં છાપરાઓ દ્વારા ગંદકીનું પ્રમાણ વધારે ફેલાવવામાં આવે છે. ઘણી જગ્યાએ મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે. સેક્ટર-૨૧માં શોપીંગ સેન્ટરની બહાર રહેલા દબાણો દૂર થવાથી સ્થાનિક વેપારીઓમાં હાશકારો થયો છે. ઘણા લારી-ગલ્લાઓવાળાઓએ સે. ૨૧ની ચારેય તરફ અડીંગા જમાવી રાખ્યા હતા. જેના કારણે શોપીંગ સેન્ટરના વેપારીઓને નુકસાન પહોંચતુ હતુ. જોકે હજી પણ ઘણા લારી-ગલ્લા યથાવત છે. સસ્તામાં મળતી ખાણી-પીણીની લારીઓ કારણે સ્થાનિક વેપારીઓનો ધંધો ખોટમાં ચાલતો આવ્યો છે. આ દબાણની કામગીરી દર વર્ષે કરવામાં આવે છે અને દર વર્ષે દબાણો ઘટવાની જગ્યાએ વધે છે. છાપરાઓના દબાણો વધતા રહીશો પણ પરેશાન થઈ રહ્યા છે. છાપરાઓની ગંદકી અને દુર્ગંધથી આસપાસના રહીશો અને ત્યાંથી અવરજવર કરનાર માણસો ગંદકીથી તોબા પોકારી જાય છે. ત્યારે મનપા દ્વારા આ દબાણો દૂર થતા વેપારીઓ અને સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો હતો.




# ગૃહમંત્રી અમિત શાહ માણસામાં અક્ષયપાત્રની મધ્યાહન ભોજન પહેલનું ઉદ્‌ઘાટન કરશે

ગાંધીનગર, તા. ૨૨ ભારતના ગૃહમંત્રી અમિત શાહ ૨૩ જુલાઈ, ૨૦૨૨ના રોજ માણસા ખાતે નવા સેન્ટ્રલાઈઝ્ડ ટેકનોલોજી આધારિત કિચનનું ઉદ્‌ઘાટન કરશે, જે ફાઉન્ડેશન આ પ્રદેશમાં ૧૯૦ શાળાઓમાં ૨૬,૦૦૦ બાળકોને પૌષ્ટિક મધ્યાહન ભોજન પીરસવા માટે સક્ષમ કરશે. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી પણ ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત ચેરમેન મધુ પંડિત દાસ અને વાઈસ ચેરમેન ચંચલપતિ દાસ પણ ઉપસ્થિત રહેશે. ઉદ્‌ઘાટન સમારોહ બાદ મહાનુભાવો કિચન સુવિધાની મુલાકાત પણ લેશે.

આ કિચન અક્ષયપાત્રનું દેશમાં ૬૪મું કિચન છે.

ગુજરાતમાં અક્ષયપાત્ર હાલમાં અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, કલોલ, ભુજ અને જામનગરમાં તેના સાત સેન્ટ્રલાઈઝ્ડ કિચન દ્વારા આશરે ૪.૫ લાખ બાળકોને ભોજન પુરૂ પાડે છે. માણસા કિચન રાજ્યમાં ફાઉન્ડેશનનું આઠમું કિચન બનશે, જે કુલ ભોજનની માત્રામાં ૨૬,૦૦૦નો ઉમેરો કરશે.

માણસામાં અક્ષયપાત્રનું નવનિર્મિત કિચન ૧,૩૮૩ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે અને તે અત્યાંધુનિક માળખાકીય સુવિધાઓથી સજ્જ છે.

તે ૪૭.૫ કેડબલ્યુ ક્ષમતાનો સોલર પ્લાન્ટ અને ૧૨,૦૦૦ લીટરની રસોઈ માટે સોલર હાઈબ્રિડ વોટર સિસ્ટમ ધરાવે છે. આ ગ્રીન એનર્જીની પહેલથી કૂકિંગ બેચ સાઈકલનો સમય ઘટશે, ઉર્જાની બચત થશે અને સિસ્ટમની વિશ્વસનીયતા વધશે. આજ પ્રકારે કિચન ગેસ આધારિત કૂકિંગ સાથે આધુનિક કઢાઈ ધરાવે છે, જેનાથી ઘર જેવા જ ભોજનનો સ્વાદ મળે છે. એચવીએસી (હીટિંગ, વેન્ટિલેશન અને એર કન્ડિશનિંગ) કિચનમાં અનુકૂળ માહોલ પ્રદાન કરે છે, દૈનિક ૫૦,૦૦૦ લીટરની ક્ષમતા સાથે એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (ઈટીપી) તથા બાયોગેસનું ઉત્પાદન સહિતની બીજી સુવિધાઓ તેમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે.




## બીઆરસી ભવન ખાતે ભંગાર હાલતમાં સાયકલોને વેસ્ટમાંથી બેસ્ટ કરવા ડે. મેયરની દરખાસ્ત

ગાંધીનગર, તા. ૨૨ બી.આર.સી. ભવન ખાતે મુકવામાં આવેલી સાયકલો જે ખૂબ ખરાબ હાલતમાં છે તેને વેસ્ટમાંથી બેસ્ટ કરવાના ઉપાય હેતુ ગાંધીનગર મનપા ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે તેમની ગ્રાન્ટનો ઉપયોગ કરી આ સાયકલોને ગાંધીનગર મનપાને આપવામાં આવે અને તે ગરીબ બાળકોને ઉપયોગ માટે આપવામાં આવે તે માટે દરખાસ્ત કરવામાં આવી છે.

સાયકલ સરસ્વતી સાધના સાયકલ યોજનાનો વર્ષ ૧૯૯૫માં પ્રારંભ થયો હતો. પરંતુ વર્ષોથી ગાંધીનગર બી.આર.સી. ભવન ખાતે સાયકલો ભંગારમાં પડી રહી છે. જેનો ઉપયોગ ગરીબો માટે કરવામાં આવે તેવુ પ્રેમલસિંહ ગોલનો સુયોગ્ય નિર્ણય છે. શહેરની આસપાસના ગામમાં અભ્યાસ કરતી દિકરીઓને શાળાએ અવરજવર માટે આ સાયકલો ઉપયોગી રહેશે.



ગાંધીનગર સેક્ટર-૨૬માં વૃક્ષારોપણ કરી ફેન્સીંગ કરવામાં આવ્યું હતું. ઉમિયમ પર્યાવરણ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આજે સવારે વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં સેક્ટર-૨૬ના કિસાનનગર વિસ્તારમાં વૃક્ષો વાવી તેની ફરતે ફેન્સિંગ કરવામાં આવી હતી. વૃક્ષોના રક્ષણ માટે મેયરની ગ્રાન્ટમાંથી ફેન્સિંગ કરાયું હતું. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ તેમજ મહામંત્રી, વોર્ડ પ્રમુખ, કોર્પોરેટર હાજર રહ્યા હતા.

## ઉમાબા આર્ટસ કોલેજ, ગાંધીનગરમાં

# મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીની જન્મજયંતી નિમિત્તે પ્રજ્ઞાબેન પટેલનું વકતવ્ય યોજાયું

ગાંધીનગર, તા.૨૨ ગુજરાતી ભાષાના મૂર્ધન્ય કવિમનિષી ઉમાશંકર જોશીની ૧૧૧ મી જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગરની ઉમાબા આર્ટસ કોલેજમાં જાણીતા સર્જક પ્રજ્ઞાબેન પટેલનું વકતવ્ય યોજવામાં આવ્યું હતું. ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે કવિની જન્મજયંતિ પ્રસંગે તા. ૨૧ મી જુલાઈના રોજ, એક સાથે - સમયે સમગ્ર ગુજરાતની ૨૧ થી વધુ કોલેજો, સંસ્થાઓમાં સ્મૃતિ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કવિચેતનાને આ રીતે સ્મૃતિવંદન કરવામાં આવ્યા હતા.

ઉમાબા કોલેજમાં કવિ ઉમાશંકર જોષીના જીવન - કવન વિશે વિગતે વાત કરતાં પ્રજ્ઞાબેન પટેલે એમનો રસપ્રદ રીતે વિગતે પરિચય વિદ્યાર્થીઓને કરાવ્યો હતો. કવિની ખૂબ જાણીતી કાવ્યપંક્તિઓ ટાંકીને એમણે વિશ્વશાંતિનું ગાન કરનાર કવિની માનવીય અભિગમ સાથેની નિસ્બત વિશે, એમના વિપુલ સાહિત્ય સર્જનની પણ વાત કરી હતી. કાર્યક્રમના પ્રારંભે કોલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. હિના મહેતાએ વક્તાનો પરિચય આપ્યો હતો. પ્રિન્સિપાલ ડૉ.હરિતભાઈ પટેલે પ્રજ્ઞાબેન પટેલનું સ્વાગત કર્યું હતું. વિદ્યાર્થિનીઓ હેતલ પરમાર, રબારી શ્રધ્ધા, પરમાર રેખાએ કવિના જીવન વિશે વાત કરી, કવિતા રજૂ કરી હતી. આ પ્રસંગે પ્રિ. હરિત પટેલ, ડૉ. હિના મહેતા, પ્રો. પ્રણવ જોષીપુરા, પ્રો. દીપ્તિબેન પંડ્યા અને વિદ્યાર્થિનીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમ માણ્યો હતો.




# ઉમિયમ પર્યાવરણ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૯૯૯ વૃક્ષનું વૃક્ષારોપણ



ગાંધીનગર, તા. ૨૨ ઉમિયમ પર્યાવરણ ચેરિટેબલ ટ્રસ્ટ સે. ૨૬ દ્વારા ૯૯૯ વૃક્ષનું વૃક્ષારોપણ કરવામાં આવ્યુ. જેમાં લીમડા, ગુલમહોર, વડ, ઉમરો, અર્જુન સદર, અર્જુન ટીકોમાં, કૈલાશપતિ, બોરસલી, આમળા, લીંબુડી, રેનટ્રી, કેસુડો, અરડૂસી, પારિજાત, સરગવો, સેવન, સીસું, રેડ, ચંપો, લાલ અને પીળી કરેનની વાડ બનાવી વૃક્ષ વાવ્યા હતા. તેમાં મેયર હિતેષભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, ચેરમેન જસવંતભાઈ પટેલ અને કોર્પોરેટર હાજર રહ્યા હતા. મેયરના પર્યાવરણ પ્રેમને લીધે તેમણે સુંદર ફેન્સીંગ કરાવ્યુ હતુ.

# રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદની ફરીથી આગાહી

અમદાવાદ, તા.૨૨ ગુજરાતમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ બાદ વિકટ સ્થિતિ ઉભી થઈ છે. આગામી દિવસો ફરી એકવાર દક્ષિણ ગુજરાત સહિત અમદાવાદ અને રાજ્યના અન્ય ભાગોમાં મેઘરાજા તોફાની બેટિંગ કરવાના છે. દક્ષિણ ગુજરાતના વલસાડ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, અમદાવાદ, ગાંધીનગરમાં ભારે વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આજે દક્ષિણ ગુજરાતમાં છૂટોછવાયો સામાન્યથી ભારે વરસાદ રહી શકે છે, જ્યારે સૌરાષ્ટ્ર માટે ભારે વરસાદની કોઈ આગાહી નથી. રાજ્યમાં ત્રણ દિવસ પછી વરસાદનું જોર ઘટશે તેવું રાજ્યના હવામાન વિભાગના વડા મનોરમા મોહંતી જણાવી રહ્યા છે. ગુજરાત રાજ્યમાં ૨૩થી ૨૫ જુલાઈ દરમિયાન સૌરાષ્ટ્રને છોડીને ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. મનોરમા મોહંતીએ જણાવ્યું છે કે, ગુજરાતમાં ૨૩, ૨૪ અને ૨૫ જુલાઈએ ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. જેમાં અતિભારે વરસાદ ખાસ કરીને ગુજરાતના ઉત્તર ભાગમાં આવેલા બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને મહેસાણામાં થઈ શકે છે. આ સાથે તેમણે અમદાવાદ, ગાંધીનગર અને અરવલ્લીમાં પણ આ તારીખો દરમિયાન ભારે વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે. અમદાવાદમાં સામાન્ય હળવો વરસાદ રહેવાની આગાહી છે પરંતુ કેટલાક ભાગમાં ૨૩ અને ૨૪ તારીખ દરમિયાન ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે. સૌરાષ્ટ્રમાં નહીં પરંતુ કચ્છમાં ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. જેમાં ૨૪ તારીખે અતિથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે. સૌરાષ્ટ્રમાં કચ્છ સાથે જોડાયેલા ભાગોમાં વરસાદ થઈ શકે છે. જ્યારે બાકીના ભાગોમાં છૂટો છવાયો સામાન્યથી હળવો વરસાદ પડી શકે છે. ભારે વરસાદની આગાહી સાથે માછીમારોને પણ ચેતવણી આપવામાં આવી છે જેમાં ૨૪ અને ૨૫ તારીખ દરમિયાન ઉત્તરપશ્ચિમના ગુજરાત સાથે જોડાયેલા અરબી સમુદ્રમાં ના જવાની સૂચના અપાઈ છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં સિઝનનો ૬૨ ટકા વધુ વરસાદ થઈ ગયો છે. સમગ્ર રાજ્યમાં ૪૬૪ મિલી મીટર (૧૮.૨૬ ઈંચ) વરસાદ અત્યાર સુધીમાં થયો હોવાનું મનોરમા મોહંતીએ જણાવ્યું છે. તેમણે કહ્યું કે ૨૮૫ મિલી મીટર (૧૧.૨૨ ઈંચ) વરસાદ થવો જોઈએ તેની સામે વધુ વરસાદ નોંધાયો છે.

# હવે મચ્છરોનો ઉપદ્રવ ડામવા પહેલીવાર ડ્રોનનો ઉપયોગ

## ગુજરાતમાં સૌ પ્રથમ નવતર પ્રયોગ આર્ટીફિશિયલ ઇન્ટેલીજન્સ અને મશીન લર્નીંગના સુગમ્ય સમન્વયના પરિણામે આરોગ્યક્ષેત્રે આમૂલ પરિવર્તન આવશે

મહેસાણા, તા.૨૨ જિલ્લામાં ચોમાસા દરમ્યાન હવે મચ્છરોનો ઉપદ્રવ વધવા લાગ્યો છે અને તેના કારણે મચ્છરજન્ય રોગ ફેલાય એવી દહેશત જોવા મળી રહી છે. આથી મચ્છરના ઉપદ્રવને ડામવા આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના હસ્તે મચ્છરના લાર્વાની નાબુદી માટે ડ્રોનની મદદથી ઓર્ગેનિક લાર્વિસાઈડ છંટકાવના પાયલોટ પ્રોજેકટનો મહેસાણા જિલ્લાના વિસનગરથી પ્રારંભ કરાવ્યો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ સેન્સર આધારીત ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરી મચ્છરના ઉપદ્રવને ડામવા મહેસાણા જિલ્લાથી ઝુંબેશનો પ્રારંભ કરાવ્યો છે. આ આધુનિક ડ્રોન ટેકનોલોજી દ્વારા મચ્છરજન્ય રોગનું નિયંત્રણ કરવામાં આરોગ્ય વિભાગને સહાય મળશે.એટલે કે જે વિસ્તારોમાં ગ્રાઉન્ડ સર્વેલન્સ ટીમનું પહોંચવું મુશકેલ છે તેવા વિસ્તારોમાં ડ્રોનની મદદથી સ્પ્રેનો છંટકાવ કરવામાં આવશે. મહેસાણા જિલ્લા પંચાયત દ્વારા ખાનગી કંપની સહયોગ થી Artificial Intelligence / Machine Learning સેન્સર આધારિત ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરીને સર્વે અને છંટકાવ માટેનો આ પ્રોજેક્ટ પ્રાયોગિક ધોરણે હાથ ધરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મહેસાણા જિલ્લા પંચાયત અને પ્રાઈમ યુએવી પ્રાઈવેટ લિમીટેડ કંપની દ્વારા પ્રાયોગિક ધોરણે આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. જેની સફળતાબાદ રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ આ પ્રકારના સર્વે અને દવાઓના છંટકાવની કામગીરી હાથ ધરવામાં આવશે



સીબીઆઈ કચેરી, સેક્ટર-૧૦ સામે ગાંધીનગર કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ ધરણા યોજ્યા હતા. સીબીઆઈ પોતાની સત્તાનો દુરઉપયોગ કરતી હોવાના આક્ષેપ સાથે આ ધરણા યોજાયા હતા.



વર્ષાઋતુમાં સરીસૃપ નીકળવાની ઘટનાઓ વધી છે. અખબારભવનની સામેની ઝાડીમાંથી આંધળીચાકળ નીકળી આવી હતી. સર્પપ્રેમીએ તેને પકડીને જંગલ વિસ્તારમાં છોડી મુકી હતી.